# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં મેડિકલ ટૂરિઝમનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર આ ક્ષેત્રે તમામ સહાય કરવા માટે કટિબદ્ધ છે.**
2. **મિલેટ મહોત્સવનું ઉદઘાટન કરતા ખેડૂતોને મુખ્યમંત્રીએ રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો**
3. **કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ BIMSTEC યુવા સમિટનું ઉદઘાટન કરતા જણાવ્યું કે,ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે.**
4. **ભારતીય જનતા પાર્ટીએ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજયની રાજ્યમાં ઉજવણી કરી**
5. **આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર નહીં થવાની હવામાન વિભાગની આગાહી**

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# TRANSPLANTATION UPDATE CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં મેડિકલ ટૂરિઝમનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર આ ક્ષેત્રે તમામ સહાય કરવા માટે કટિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ આજે અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલ ખાતે ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ કરાવ્યો અને પ્રત્યારોપણ અંગેના અત્યાધુનિક રોબોટનું લોકાર્પણ કર્યું હતું. શ્રી પટેલે ટેકનોલૉજીના વધતાં વ્યાપ અને પ્રભુત્વ વચ્ચે તેના ઉપયોગથી અંગ પ્રત્યારોપણ માટે નવાં કેન્દ્રો શરૂ કરવા સૂચન કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આજે વાસ્તવિકતા બની છે, ત્યારે રાજ્ય સરકારે ટેકનોલોજી ક્ષેત્રે તમામ સુવિધાઓ માટે દરવાજા ખુલ્લા મૂકી દીધા છે.

(BYTE RUSHIKESH PATEL)

# Millets Mahotsav

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડતોને** પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ તથા મહત્વ સમજાવીને રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો છે.

**મુખ્યમંત્રીએ રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં આજથી બે દિવસનાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર 2025'નો અમદાવાદ ખાતેથી આરંભ કરાવ્યો હતો.**

**(BYTE CM MILLET)**

**આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના અમદાવાદ જિલ્લાના ત્રણ અને જામનગર જિલ્લાના એક ગોડાઉન કોમ્પ્લેક્ષનું ઈ - લોકાર્પણ પણ કર્યું હતું.**

**ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે સુરત જિલ્લા કક્ષાના ‘મિલેટ્સ મહોત્સવને ખૂલ્લો મૂક્યો હતો. અહીં દક્ષિણ ગુજરાતના મિલેટ્સ પકવતા, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા 75 સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.**

**ભાવનગરના જવાહર મેદાન ખાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવતા જણાવ્યું કે, લોકોનાં સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની જાળવણી માટે મિલેટ્સ ઉત્તમ ધાન્ય છે.**

# BIMSTEC MANDAVIYA-
# CM BIMSTEC YOUTH SUMMIT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે.

આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 'બે ઓફ બેંગાલ ઇનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટોરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન' BIMSTEC યુવા સમિટનું ઉદઘાટન કરતા શ્રી માંડવિયાએ જણાવ્યું કે ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે.

તેમણે જણાવ્યું કે, વર્ષ 2036ના ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી BIMSTEC સંલગ્ન વ્યવસ્થાતંત્રને વધુ મજબૂત કરશે, વૈશ્વિક રોકાણ આકર્ષિત કરશે અને તાલીમ સુવિધાઓમાં વધારો કરશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વેક્સિન મૈત્રી અભિયાન, તુર્કીમાં ઑપરેશન દોસ્ત અને યુક્રેનમાં ઑપરેશન ગંગાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, આવા ઉદાહરણો જ વૈશ્વિક સ્તરે સૌના સાથ-સૌના વિકાસ માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી રક્ષા ખડસે ઉપસ્થિત રહ્યા હતા.

આ સમિટ 11 ફેબ્રુઆરી સુધી ચાલશે.

# OUTSOURCING-AGENCY

ગાંધીનગરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે રાજ્યભરની લગભગ 300 જેટલી આઉટસોર્સિંગ એજન્સીઓની હાજરીમાં એક વર્કશોપ યોજાઇ ગયો. રાજ્ય સરકારના શ્રમ નિયામક કે.ડી.લાખાણીએ એજન્સીઓને શ્રમ કાયદાઓ વિષયક મૂંઝવણો તથા વિવિધ પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરી તેનું સમાધાન સૂચવ્યું હતું.

શ્રમ નિયામકે શ્રમયોગીઓને કોઇપણ પ્રકારનો અન્યાય ન થાય તેમજ તેમને મળવાપાત્ર લાભો સમયસર મળી રહે તેવી ખાતરી આપી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DELHI-BJP

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીતની ભાજપે રાજ્યભરમાં ઉજવણી કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગાંધીનગર ખાતે ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પહોંચ્યા હતા. સંગઠન મહા મંત્રી રજની પટેલે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ,અમિત શાહ સહિતના આગેવાનોના નેતૃત્વના કારણે ભાજપને વિજય પ્રાપ્ત થયો છે.

પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે તેમની પ્રતિક્રિયા આ મુજબ આપી...

**(BYTE: C R PATIL)**

# weather

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર નહીં થવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે.

છેલ્લાં 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું 8.1 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ડાંગમાં નોંધાયું હતું. નલિયામાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. કંડલામાં 12 ડિગ્રી, ડિસા, કેશોદ અને રાજકોટમાં 13 ડિગ્રી, અમરેલીમાં 14 ડિગ્રી, ભાવનગર, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 15 ડિગ્રી તથા અમદાવાદ અને વડોદરમાં 16 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. સૌથી વધુ 21 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન ઓખામાં નોંધાયું હતું.

# OPINA BHILLAR

ભારતને મહિલા ખો-ખો વિશ્વકપમાં પ્રથમવાર વિજય અપનાવારી ટીમના ખેલાડી ઓપીના દેવજીભાઈ ભીલારનું આજે ગૃપ ગ્રામ પંચાયત, કેશબંધ તથા બીલીઆંબા પ્રાથમિક શાળા પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આદિજાતી મંત્રી કુંવરજી હળપતિએ ઓપીના માટે રાજ્ય સરકાર દ્વારા બનતી તમામ સહાય કરવાની ખાતરી આપી હતી.

ડાંગ જિલ્લાના નિશાણા ફાટકથી ઓપીના ભીલારનું કુમકુમ તિલક કરી ભવ્ય રેલી યોજવામાં આવી હતી.

ઓપિનાએ તેની પ્રતિક્રિયા આ પ્રમાણે આપીઃ

**(BYTE: OPINA BHILAR)**

# ARVALLI HEALTH CHECK UP

અરવલ્લી જિલ્લા, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી મોડાસા દ્વારા એસ.પી. કચેરી તથા મોડાસા બસ સ્ટેશન ખાતે ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પ યોજાયો હતો.

કેમ્પમાં નિષ્ણાત ટીમ દ્વારા પોલીસ કર્મચારીઓ, બસ ડ્રાઈવર-કંડક્ટર, કર્મચારીઓ તથા મુસાફરોનું બ્લડપ્રેશર અને ડાયાબિટીસ ચેક કરવામાં આવ્યું તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# RIDROL-RUSHIKESH PATEL

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રીદ્રોલ ગામના 50 વર્ષ જૂના રામજી મંદિરના ત્રિ દિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં, આજે બીજા દિવસે આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલ અને માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલે યજ્ઞ શાળાની મુલાકાત લઇ, ભગવાન રામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનજીની પૂજા- અર્ચના -દર્શન કર્યા હતા. લગભગ છ કરોડના ખર્ચે આ મંદિરનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું છે.

# HATHIPAGO-NARMADA

ફાઈલેરિયા એટલે કે, 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા આગામી ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. 'હાથીપગા રોગ મુક્ત ગુજરાત'નું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. આ અભિયાન ભરૂચ જિલ્લાના નેત્રંગ, નર્મદા જિલ્લાના નાંદોદ, ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વધઈ એમ ચાર તાલુકામાં યોજાશે.

આરોગ્ય કાર્યકર કે દવા વિતરક ધ્વારા અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરીકોને ડી.ઇ.સી. અને આલ્બેન્ડાઝોલ દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે. બાકી રહી ગયેલા નાગરિકોને ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ દવા આપવામાં આવશે